સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 42 (16/10/22 to 21/10/22)**

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




**Diwali SALE**
**DISCOUNT 50% OFF**
**All Courses & Books**

Application
iceonline



પુસ્તકો માત્ર વેબસાઈટ પર જ ઉપલબ્ધ
www.icerajkot.in


happy **Diwali** festival of lights

HAPPY **New year**

MAY THIS FESTIVAL OF LIGHTS BRING
**HAPPINESS** AND **SUCCESS**
IN YOUR LIFE !!

- Maulik Gondhiya


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

## Happy to Announce
## ICE

**ખાસ નોંધ :-** GPSC દ્વારા આયોજિત Dy.SOની 16-10-2022ના રોજ લેવાયેલ પરીક્ષામાં કુલ 200 પ્રશ્નોમાંથી 54 પ્રશ્નો તો ફક્ત ICE MAGIC માંથી જ પૂછાયા

### સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


**16 OCT-2022**

- દિવસ મહિમા : 16 ઓક્ટોબર, વિશ્વ ખાદ્ય દિવસ, વિશ્વ એનેસ્થેસિયા દિવસ ........ 02
- 'પ્રસ્થાન' અપતટીય સુરક્ષા કવાયત હાથ ધરવામાં આવી ........ 02
- The World University Rankings 2023 ........ 03
- QUESTION ANSWERS ........ 05

**17 OCT-2022**

- દિવસ મહિમા : 17 ઓક્ટોબર, વિશ્વ ગરીબી નાબૂદ દિન, ડિજિટલ સોસાયટી દિવસ ........ 06
- મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના જૂથનું નવું પ્રતીક ........ 06
- મંગળયાન મિશનનો અંત ........ 08
- QUESTION ANSWERS ........ 10

**18 OCT-2022**

- દિવસ મહિમા : વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક (MPI) 2022 ........ 11
- ભારતમાં 75 નવા ડિજિટલ બેન્કિંગ એકમો ........ 13
- હૈદરાબાદને વર્લ્ડ ગ્રીન સિટી એવોર્ડ 2022 મળ્યો ........ 15
- QUESTION ANSWERS ........ 16

**19 OCT-2022**

- દિવસ મહિમા : 19 ઓક્ટોબર, મનુષ્ય ગૌરવ દિન (પુજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે) ........ 17
- ORSના શોધક ડો. દિલીપ મહાલનોબીસનું નિધન ........ 17
- Global Hunger Index 2022માં ભારત 107મા ક્રમે ........ 18
- QUESTION ANSWERS ........ 20

**20 OCT-2022**

- દિવસ મહિમા : 20 ઓક્ટોબર, રાષ્ટ્રીય ઐક્ય અથવા તો સુદ્દઢતા દિવસ, વિશ્વ આંકડા દિવસ, વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિવસ ........ 22
- શ્રી શેહાન કરુણાતિલાકાએ 2022નું બુકર પ્રાઈઝ જીત્યુ ........ 22
- BCCIના 36મા પ્રમુખ તરીકે શ્રી રોજર બિન્ની ચૂંટાઈ આવ્યા ........ 22
- QUESTION ANSWERS ........ 24

**21 OCT-2022**

- દિવસ મહિમા : 21 ઓક્ટોબર, પોલીસ સ્મૃતિ દિવસ અથવા પોલીસ સ્મારક દિવસ ........ 25
- ISRO'S Next - Gen Launch Vehicle ........ 25
- IBSAMAR VII ........ 26
- QUESTION ANSWERS ........ 27

**ONE LINER** ........ 28

**QUESTION OF THIS WEEK** ........ 32


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 16 ઓક્ટોબર, (1) વિશ્વ ખાદ્ય દિવસ (World Food Day)
## (2) વિશ્વ એનેસ્થેસિયા દિવસ (World Anaesthesia Day)

### વિશ્વ ખાદ્ય દિવસ




સમગ્ર વિશ્વમાં ખાદ્ય સુરક્ષા તથા ખાદ્યની પહોંચ સુનિશ્ચિત કરવા માટે દર વર્ષે 16 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ખાદ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 16 ઓક્ટોબર, 1945ના રોજ યુનાઈટેડ નેશન્સની 'Food and Agriculture Organization' નામની સંસ્થાની સ્થાપના થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં 16 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ખાદ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વિશ્વ ખાદ્ય દિવસ 2022ની થીમ 'Leave No One Behind' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 'પ્રસ્થાન' અપતટીય સુરક્ષા કવાયત હાથ ધરવામાં આવી



પ્રસ્થાન એક અપતરટીય સુરક્ષા અભ્યાસ (Offshore Security Exercise) છે.

- પ્રસ્થાન અભ્યાસ દર 6 મહિને હાથ ધરવામાં આવે છે.
- તેમનો મુખ્ય ઉદ્દેશ ઓફશોર સંરક્ષણમાં સામેલ તમામ હિસ્સેદારોના પ્રયત્નોને એકીકૃત કરવાનો છે.
- ક્રિષ્ના ગોદાવરી બેસિન અપતટીય ડેવલપમેન્ટ ઝોન ખાતે 11 અને 12 ઓક્ટોબર દરમિયાન 'પ્રસ્થાન અભ્યાસ'નું આયોજન કરવામાં આવ્યું હતું.
- તે તાજેતરમાં ભારતીય નૌકાદળના પૂર્વીય નેવલ કમાન્ડના નેજા હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું.
- આ અભ્યાસમાં ONGC, રિલાયન્સ લિમિટેડ, વેદાંત અને દરિયાઈ સુરક્ષા સાથે સંકળાયેલા અન્ય ઓઈલ ઓપરેટરોની ભાગીદારી જોવા મળી હતી.
- આ ઉપરાંત આંધ્રપ્રદેશના મરીન પોલીસ અને ફિશરીઝ વિભાગ તેમજ ભારતીય કોસ્ટ ગાર્ડની ભાગીદારી જોવા મળી હતી.

- તેનો ઉદ્દેશ્ય અપતટીય વિકાસ ક્ષેત્રમાં કટોકટી દરમિયાન એકંદર સલામતી અને સજ્જતાનું મૂલ્યાંકન કરવાનો છે.
- તે ઓઈલ ઓપરેટરોને વિવિધ **ODA** આકસ્મિક પરિસ્થિતિઓ માટે નિર્ધારિત તેમની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOPs) ને માન્ય કરવા સક્ષમ બનાવે છે.
- આ અભ્યાસમાં આતંકવાદી ઘૂસણખોરી, બોમ્બ વિસ્ફોટ, આગ, ખોદકામ, શોધ અને બચાવ, મોટા પાયે સ્થળાંતર અને તેલ ફેલાવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

નોંધ : (1) કૃષ્ણા ગોદાવરી બેસિન એ પૂર્વીય દરિયાકાંઠાની નદીઓ – કૃષ્ણા અને ગોદાવરી દ્વારા રચાયેલ ડેલ્ટા મેદાન છે.

(2) તે આંધ્રપ્રદેશ અને બંગાળની ખાડીના આસપાસના વિસ્તારમાં ફેલાયેલું છે.

(3) ONGCએ 1983માં આ પ્રદેશમાં સૌપ્રથમ ગેસની શોધ કરી હતી. તથા વર્ષ 2003માં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે આ ક્ષેત્રમાં ભારતમાં સૌથી વધુ કુદરતી ગેસના ભંડારની શોધ કરી હતી.

(4) કૃષ્ણા ગોદાવરી તટપ્રદેશ ઓલિવ રિડલી કાચબાને હોસ્ટ કરવા માટે જાણીતુ છે, જે એક સંવેદનશિલ પ્રજાતી છે.

## The World University Rankings 2023

તાજેતરમાં ટાઈમ્સ હાયર એજ્યુકેશન (THE) – વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગની આવૃત્તિ બહાર પાડવામાં આવી છે.

- આ આવૃત્તિમાં 104 દેશો અને પ્રદેશોની 1,799 યુનિવર્સિટીઓને સ્થાન આપવામાં આવ્યું છે.
- આ આવૃત્તિમાં ગયા વર્ષ કરતા 137 વધુ યુનિવર્સિટીને આવરી લેવામાં આવી છે.
- આ ઈન્ડેક્સમાં યુકેની ઓક્સફોર્ડ યુનિવર્સિટી સતત સાતમા વર્ષે ટોચના સ્થાને રહી છે.
- આ રેન્કિંગમાં વર્ષ 2023 માટે 75 યુનિવર્સિટી સાથે ભારત છઠ્ઠો સૌથી પ્રતિષ્ઠિત પ્રદર્શન કરનાર દેશ છે.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc) એ ભારતીય સંસ્થાઓમાં શિક્ષણ અને સંશોધન માટે તેના પ્રદર્શન સ્કોર માટે ટોચનું સ્થાન ધરાવે છે.
- વૈશ્વિક સ્તરે IISc 251 - 300 બેન્ડમાં મૂકવામાં આવ્યુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## The World University Ranking 2023 : Top 5 University in the World

| Rank | Name of the Institute |
|---|---|
| 1 | University of oxford, United Kingdom |
| 2 | Harvard University, United States |
| 3 | University of Cambridge, United Kingdom |
| 4 | Standford University, United States |
| 5 | Massachusetts Institute of Technology, United States |

## The World University Rankings 2023 : Indian University

| Band | Name of the Institute |
|---|---|
| 251-300 | IISc Bangaluru, Karnataka |
| 351-400 | JSS Academy of Higher Education and Research, Mysore, Karnataka |
| 351-400 | Shoolini University of Biotechnology and Management Science, Solan - Himachal Pradesh |
| 401-500 | Alagappa University, Karaikudi, Tamilnadu |
| 401-500 | Mahatma Gandhi University(MGU), Kottayam, Kerla |
| 501-600 | Jamia Millia Islamia, New Delhi, Delhi |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ :(1) ટાઈમ્સ હાયર એજ્યુકેશન (THE) અગાઉ ટાઈમ્સ હાયર એજ્યુકેશન સપ્લિમેન્ટ (THES) તરીકે ઓળખાતુ હતું. તે એક સામયિક છે જે ફક્ત ઉચ્ચ શિક્ષણ સંબંધિત સમાચારો અને મુદ્દાઓ પર રિપોર્ટિંગ કરે છે.

(2) તે 13 પ્રદર્શન સૂચકાંકો પર આધારિત છે જે ચાર ક્ષેત્રોમાં સંસ્થાના પ્રદર્શનને માપે છે : શિક્ષણ, સંશોધન, જ્ઞાન સ્થળાંતર અને આંતરરાષ્ટ્રીય દષ્ટિકોણ તથા વિશ્વભરના વિદ્યાર્થીઓ, શિક્ષકો, સરકારો અને ઉદ્યોગ નિષ્ણાતો દ્વારા વિશ્વસનીય છે.

1. 'વિશ્વ ખાદ્ય દિવસ' અથવા 'World Food Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 ઓક્ટોબર (B) 16 ઓક્ટોબર (C) 17 ઓક્ટોબર (D) 18 ઓક્ટોબર (B)

2. 'વિશ્વ એનેસ્થેસિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 ઓક્ટોબર (B) 16 ઓક્ટોબર (C) 17 ઓક્ટોબર (D) 18 ઓક્ટોબર (B)

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પ્રસ્થાન' શું છે ?

(A) અપતટીય સુરક્ષા કવાયત (B) ભારતીય વાયુસેનાનું હેલિકોપ્ટર

(C) રશિયાની સાયબર સુરક્ષા કવાયત (D) ભારત–બાંગ્લાદેશ વચ્ચે MoU (A)

4. તાજેતરમાં The World University Rankings - 2023ની આવૃત્તિ બહાર પાડવામાં આવી હતી.

તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ આવૃત્તિમાં 104 દેશો અને પ્રદેશોની 1,799 યુનિવર્સિટીને સ્થાન આપવામાં આવ્યું છે.

2. આ ઈન્ડેક્સમાં યુનાઈટેડ કિંગ્ડમની ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રથમ ક્રમે છે.

3. ભારતની IISc બેંગલુરુને આ ઈન્ડેક્સમાં 251-300 બોન્ડમાં મુકવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS


Best Selling
TARGET
TALATI
Recorded Batch
₹
898
Only
*Offer Valid : 31/10/2022
3 Months Validity
ફ્રી 5 મોક ટેસ્ટ પેપર


ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
Diwali Festive
Govt. Job Carnival
Buy 1 Get 1
FREE
2 Months Validity
₹ 299/-
English Grammar + Maths
Gujarati Grammar + Reasoning
ગુજરાતના જિલ્લા + ભારતનો ઇતિહાસ
ગુજરાતનો ઇતિહાસ + ભારતની ભૂગોળ
ગુજરાતનો વારસો + ભારતનો વારસો
સામાન્ય વિજ્ઞાન + ગણિત
Maths + Reasoning
Buy 1 Get 2
FREE
2 Months Validity
₹ 399/-
COMBO-1
Maths + Reasoning + Science
COMBO-2
Gujarati Grammar + English Grammar + Science
COMBO-3
Gujarati Grammar + English Grammar + Maths
Download ICEONLINE Application 93773-01110 (10:00am to 6:00pm)

## દિવસ મહિમા : 17 ઓક્ટોબર, (1) વિશ્વ ગરીબી નાબૂદ દિન (International Day for the Eradication of Poverty)
## (2) ડિજિટલ સોસાયટી દિવસ (Digital Society Day)

### વિશ્વ ગરીબી નાબૂદ દિન

સમગ્ર વિશ્વમાં ગરીબી નાબૂદી માટે થતા પ્રયાસોને પ્રોત્સાહન આપવા માટે તથા એ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 17 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ગરીબી નાબૂદી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સ દ્વારા 22 ડિસેમ્બર, 1992ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- તાજેતરમાં UNDP અને OPHI દ્વારા બહાર પાડવામાં આવેલા 'વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક' અનુસાર વૈશ્વિક સ્તરે 1.2 અબજ લોકો બહુપરીમાણીય ગરીબીમાં આવે છે.
- વિશ્વ ગરીબી નાબૂદ દિન 2022ની થીમ Dignity for all in practice છે.

### ડિજિટલ સોસાયટી દિવસ

ભારતમાં 17 ઓક્ટોબર, 2000ના રોજ 'Information Technology Act, 2000' અમલમાં મૂકવામાં આવ્યો હતો.

- આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 17 ઓક્ટોબરના રોજ 'ડિજિટલ સોસાયટી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના જૂથનું નવું પ્રતીક



ચૂંટણી પંચે આગામી પેટા ચૂંટણી માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળના શિવસેનાના જૂથને 'બે તલવારો સાથે ઢાલ'નું પ્રતિક ફાળવ્યું છે.

- ચૂંટણી પ્રતીકો (આરક્ષણ અને ફાળવણી) ઓર્ડર, 1968 ચૂંટણી પંચને રાજકીય પક્ષોને ચૂંટણી પ્રતીકો ઓળખવા અને ફાળવવાની સત્તા આપે છે.
- નોંધનીય છે કે બે તલવાર અને ઢાલનું ચિન્હ છત્રપતિ શિવાજી મહારાજની ઓળખ છે.

## ચૂંટણી ચિન્હો સંબંધિત મુખ્ય મુદ્દાઓ

ચૂંટણી ચિહ્ન એ રાજકીય પક્ષને આપવામાં આવેલું પ્રમાણભૂત પ્રતીક છે.

- પક્ષો દ્વારા તેમના પ્રચાર દરમિયાન તેનો ઉપયોગ કરવામાં આવે છે. અને તે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) પર પ્રદર્શિત થાય છે, જેમાંથી મતદાર સંબંધિત પક્ષ માટેનું પ્રતીક પસંદ કરીને મત આપી શકે છે.
- તે નિરક્ષર લોકો માટે મતદાન સુવિધા માટે રજૂ કરવામાં આવ્યું હતું.
- 1960ના દાયકામાં એવી દરખાસ્ત કરવામાં આવી હતી કે ચૂંટણી પ્રતીકોનું નિયમન, આરંક્ષણ અને ફાળવણી સંસદના એક અધિનિયમ એટલે કે પ્રતીક આદેશ દ્વારા થવું જોઈએ.
- આ દરખાસ્તના જવાબમાં ચૂંટણી પંચે કહ્યુ કે રાજકીય પક્ષોની માન્યતા પર ચૂંટણી પ્રતીકો (આરંક્ષણ અને ફાળવણી) ઓર્ડર, 1968ની જોગવાઈઓ દ્વારા દેખરેખ રાખવામાં આવશે અને તે મૂજબ પ્રતીકોની ફાળવણી કરવામાં આવશે.

નોંધ :(1) ચૂંટણી પંચ ચૂંટણીના હેતુ માટે રાજકીય પક્ષોની નોંધણી કરે છે અને તેમના ચૂંટણી પ્રદર્શનના આધારે તેમને રાષ્ટ્રીય અથવા રાજ્ય પક્ષો તરીકે માન્યતા આપે છે. અન્ય પક્ષોને માત્ર નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે જાહેર કરવામાં આવે છે.

(2) રાષ્ટ્રીય અથવા રાજ્ય પક્ષો તરીકેની માન્યતા પક્ષના અધિકારો જેમ કે પક્ષના પ્રતીકોની ફાળવણી, ટેલિવિઝન અને રેડિયો સ્ટેશનો પર રાજકીય પ્રસારણ માટે સમયની જોગવાઈ અને મતદાર યાદીમાં પ્રવેશ જેવા અમુક વિશેષાધિકારોને નિશ્ચિત કરે છે.

(3) દરેક રાષ્ટ્રીય પક્ષ અને રાજ્ય સ્તરના પક્ષોને અનુક્રમે સમગ્ર દેશમાં અને રાજ્યોમાં ઉપયોગ માટે ખાસ આરક્ષિત પ્રતીક ફાળવવામાં આવે છે.

## ચૂંટણી પ્રતીકો (આરંક્ષણ અને ફાળવણી) આદેશ, 1968

આદેશના ફકરા 15 હેઠળ ચૂંટણી પંચ પ્રતિસ્પર્ધી જૂથો અથવા માન્ય રાજકીય પક્ષના વિભાગો વચ્ચેના વિવાદો નક્કી કરી શકે છે અને તેના નામ અને પ્રતીકનો દાવો કરી શકે છે.

- આદેશ હેઠળ વિવાદ અથવા વિલીનીકરણના મુદ્દાઓ પર નિર્ણય લેવાની એકમાત્ર સત્તા ચૂંટણી પંચ પાસે છે, સુપ્રીમ કોર્ટએ વર્ષ 1971માં સાદિક અલી અને અન્ય Vs ECIમાં તેની માન્યતાને સમર્થન આપ્યું હતું.
- તે માન્ય રાષ્ટ્રીય અને રાજ્ય પક્ષો વચ્ચેના વિવાદોને લાગુ પડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- નોંધાયેલા પરંતુ માન્યતા ન ધરાવતા પક્ષો વચ્ચે વિભાજનના કિસ્સામાં, ચૂંટણી પંચ સામાન્ય રીતે વિવાદમાં સામેલ પક્ષોને તેમના મતભેદોને આંતરિક રીતે ઉકેલવા અથવા કોર્ટમાં જવાની સલાહ આપે છે.
- ચૂંટણી પંચ દ્વારા અત્યાર સુધીના લગભગ તમામ વિવાદોમાં પક્ષના પ્રતિનિધિઓ/અધિકારીઓ, સાંસદો અને ધારાસભ્યની સ્પષ્ટ બહુમતી એક જૂથને સમર્થન આપે છે.
- વર્ષ 1968 પહેલા ચૂંટણી પંચે ચૂંટણી આચાર નિયમો, 1961 હેઠળ સૂચનાઓ અને કાર્યકારી આદેશો જારી કર્યા હતા. જે પક્ષને પક્ષનું ચિહ્ન મળ્યુ હતું તે પક્ષ સિવાય, પક્ષના છૂટાછવાયા જૂથે પોતાને અલગ પક્ષ તરીકે નોંધણી કરાવવી પડતી હતી.

## મંગળયાન મિશનનો અંત

ISROએ તાજેતરમાં પૃષ્ટિ કરી છે કે મંગળ ઓર્બિટરનો સંપર્ક તૂટી ગયો છે અને તે પુનઃ પ્રાપ્ત કરી શક્તો નથી.



- આથી મંગળયાન મિશનનો અંત આવ્યો છે.
- ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર તરીકે છ મહિનાના આયુષ્ય માટે ડિઝાઈન કરવામાં આવ્યુ હોવા છતા માર્સ ઓર્બિટર મિશન (mom) લગભગ આઠ વર્ષથી મંગળની ભ્રમણકક્ષામાં હતું.

### માર્સ ઓર્બિટર મિશન (mom) સમાપ્ત થવાનું કારણ

પ્રોપેલન્ટ (ઈંધણ)ના અભાવના કારણે ઈચ્છિત સતત વીજ ઉત્પાદન પ્રાપ્ત થઈ શક્યું ન હતું. અને તેનો ગ્રાઉન્ડ સ્ટેશન સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.

- તાજેતરમાં એક પછી એક ગ્રહણ જોવા મળ્યા હતા, જેમાંથી એક સાડા સાત કલાક ચાલ્યુ હતું.
- સેટેલાઈટ બેટરી માત્ર 1 કલાક 40 મિનિટની ગ્રહણ અવધીને હેન્ડલ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી હોવાથી, લાંબો ગ્રહણ સમયગાળો બેટરીની સલામતી માટે હાનિકારક હતો.

### માર્સ ઓર્બિટર મિશન (mom)

માર્સ ઓર્બિટર મિશન કે જેની કિંમત રૂ. 450 કરોડ છે તે PSLV-C25 દ્વારા 5 નવેમ્બર, 2013ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.

- ત્યારબાદ માર્સ ઓર્બિટર મિશન (mom) સપ્ટેમ્બર 2014માં તેના પ્રથમ પ્રયાસમાં મંગળની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક મૂકવામાં આવ્યું હતું.
- મંગળયાન એ ભારતનું પ્રથમ આંતરગ્રહીય મિશન હતું.
- રોસ્કોમોસ (રશિયન સ્પેસ એજન્સી), NASA અને યુરોપિયન સ્પેસ એજન્સી પછી આ મિશનએ ભારતને મંગળ ગ્રહ પર પહોંચનાર પ્રથમ એશિયન અને વિશ્વનો ચોથો દેશ બનાવ્યો હતો.
- ચીને ભારતના સફળ મંગળયાનને 'એશિયાનું ગૌરવ' ગણાવ્યું છે.
- તે માર્સ કલર કેમેરા (MCC) સહિત 850 કિલોગ્રામ ઈંધણ અને 5 વૈજ્ઞાનિક પેલોડ લઈ ગયું હતું.
- MOM અત્યંત લંબગોળ ભ્રમણકક્ષાની ભૂમિતિએ MCCને તેના સૌથી દૂરના બિંદૂએ મંગળની 'સંપૂર્ણ ડિસ્ક'ના સ્નેપશોટ લેવા અને નજીકના બિંદુ પરથી સુંદર વિગતો મેળવવા માટે સક્ષમ બનાવ્યું.
- MCCએ 1000થી વધારે ફોટા લીધા છે અને મંગળ એટલાસ પ્રકાશિત કર્યા છે.
- આ ઉપરાંત અન્ય સાધનો થર્મલ ઈન્ફ્રારેડ ઈમેજિંગ સ્પેક્ટ્રોમીટર (TIS), મિથેન સેન્સર ફોર માર્સ (MSM), માર્સ એક્સોસ્ફેરિક ન્યુટ્રલ કમ્પોઝિશન એનાલાઈઝર (MENCA) અને લાયમેન આલ્ફા ફોટોમીટર (LAP)નો સમાવેશ થાય છે.

## ઉદ્દેશ

મંગળયાનના ઉદ્દેશ નીચે મૂજબ છે :

(a) મંગળના વાતાવરણનો અભ્યાસ કરવો

(b) સ્વદેશી વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરીને મંગળની સપાટીના લક્ષણો, ખનિજો, આકાર અને વાતાવરણનું સંશોધન કરવું.

(c) MOMનો એક મહત્વનો ઉદ્દેશ્ય આંતરગ્રહીય મિશનના આયોજન, ડિઝાઈન, સંચાલન અને સંચાલનમાં જરૂરી ટેક્નોલોજી વિકસાવવાનો હતો.






1. 'વિશ્વ ગરીબી નાબૂદી દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 14 ઓક્ટોબર (B) 15 ઓક્ટોબર (C) 16 ઓક્ટોબર (D) 17 ઓક્ટોબર (D)

2. 'ડિજિટલ સોસાયટી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 ઓક્ટોબર (B) 15 ઓક્ટોબર (C) 16 ઓક્ટોબર (D) 17 ઓક્ટોબર (D)

3. તાજેતરમાં ચૂંટણી પંચે આગામી પેટા ચૂંટણી માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળના શિવસેના જૂથને કયું પ્રતીક ફાળવ્યું છે ?

(A) લાઠી અને કેસરી ધ્વજ (B) બે તલવારો સાથે ઢાલ

(C) કમળ અને નદી (D) વાઘ અને સિંહ (B)

4. તાજેતરમાં ISROના મંગળયાન મિશનનો સંપર્ક તૂટી ગયો છે એટલે કે તેનો અંત આવ્યો છે. આ મંગળયાન મિશન વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેને માર્સ ઓર્બિટર મિશન (મંગળ ઓર્બિટર મિશન) પણ કહેવાય છે.
2. તેને 5 નવેમ્બર 2013ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.
3. આ માર્સ ઓર્બિટર મિશન સપ્ટેમ્બર 2014માં તેના પ્રથમ પ્રયાસમાં મંગળની ભ્રમણકક્ષામાં મુકવામાં આવ્યું હતું.
4. સફળતાપૂર્વક આ મિશન લોન્ચ કર્યા બાદ ભારત વિશ્વનો બીજો દેશ બન્યો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક (MPI) 2022




તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) અને ઓક્સફોર્ડ પોવર્ટી એન્ડ હ્યુમન ડે ડેવલપમેન્ટ ઈનિશિયેટિવ (OPHI) દ્વારા વૈશ્વિક બહુપરિમાણીય ગરીબી સૂચકાંક (Multidimensional Poverty Index - MPI) 2022 બહાર પાડવામાં આવ્યો હતો.

- MPI 2022ને 'Unpacking deprivation bundles to reduce multidimensional poverty' શિર્ષક હેઠળ પાડવામાં આવ્યો છે.

## ઈન્ડેક્સની મુખ્ય લાક્ષણિકતાઓ

### વૈશ્વિક આંકડા

111 દેશોમાં 1.2 અબજ લોકો (19.1%) બહુપરિમાણીય ગરીબીમાં જીવે છે.

- તેમાંથી લગભગ અડધા ગંભીર ગરીબીમાં જીવે છે.
- તથા તેમાંથી 593 મિલિયન (50%) 18 વર્ષથી ઓછી ઉંમરના સગીર છે.
- સબ સહારન આફ્રિકા (579 મિલિયન)માં ગરીબ લોકોની સંખ્યા સૌથી વધુ છે, ત્યારબાદ દક્ષિણ એશિયા (385 મિલિયન) છે. બંને પ્રદેશો મળીને 83% ગરીબી લોકોનું ઘર છે.

### મહામારીની અસર

મહામારીએ બહુપરિમાણીય ગરીબીમાં થયેલી પ્રગતિને ઉલટાવી દીધી છે.

- રિપોર્ટ અનુસાર કોવિડ-19 મહામારી વૈશ્વિક સ્તરે ગરીબી નાબૂદીમાં થયેલી પ્રગતિને 3-10 વર્ષ સુધી પાછળ ધકેલી શકે છે.
- ખાદ્ય સુરક્ષા પર વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના નવીનતમ ડેટા દર્શાવે છે કે 2021માં ખાદ્ય કટોકટી અથવા વધુ ખરાબ સ્થિતિમાં જીવતા લોકોની સંખ્યા વધીને 193 મિલિયન થઈ ગઈ હતી.
- વારંવાર ઘરેલુ સર્વેક્ષણના અભાવને કારણે ગરીબી પર મહામારીની સાચી અસરનું મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે.
- લગભગ 45.5 મિલિયન ગરીબ લોકો પાસે રસોઈ બળતણ, આવાસ, સ્વચ્છતા અને પોષણની સુવિધા નથી. તેમાંથી મોટાભાગના ભારતમાં રહે છે અને બાકીના બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં રહે છે.

### ભારત વિશેના મુખ્ય તારણો

ભારતમાં અત્યાર સુધીમાં વિશ્વભરમાં સૌથી વધુ 22.8 કરોડ ગરીબ લોકોની સંખ્યા છે, ત્યારબાદ નાઈજીરિયા 9.6 કરોડ છે.

- આમાંથી બે તૃતિયાશ લોકો એવા પરિવારમાં રહે છે જેમાં ઓછામાં ઓછી એક વ્યક્તિ પોષણથી વંચિત હોય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગરીબીમાં ઘટાડો

દેશમાં ગરીબીની ઘટનાઓ 2005/06માં 55.1%થી ઘટીને 2019/21માં 16.4% થઈ ગઈ હતી.

- તમામ 10 MPI સૂચકાંકોમાં વંચિતતામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો જેના પરિણામે MPI મૂલ્ય અને ગરીબીની ઘટનાઓ અડધા કરતા વધુ ઘટી ગઈ હતી.
- 2005-06 અને 2019-21 વચ્ચેના 15 વર્ષના સમયગાળા દરમિયાન ભારતમાંથી 41.5 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.
- ભારત માટે MPIમાં સુધારાએ દક્ષિણ એશિયામાં ગરીબીમાં ઘટાડા માટે નોંધપાત્ર યોગદાન આપ્યુ છે.

## ગરીબીમાં સાપેક્ષ ઘટાડો

રાષ્ટ્રીય સ્તરે 2005-2006 થી 2015-16 સુધીના 8.1%ની સરખામણીએ 2015-2016 થી 2019-21 દરમિયાન સાપેક્ષ ઘટાડો વાર્ષિક 11.9% ના દરે ઝડપી હતો.

## રાજ્યોનું પ્રદર્શન

2015-16માં સૌથી ગરીબ રાજ્ય બિહારમાં સંપૂર્ણ રીતે MPI મૂલ્યમાં સૌથી ઝડપી ઘટાડો જોવા મળ્યો હતો.

- બિહારમાં ગરીબોની ટકાવારી 2005-06માં 77.4% થી ઘટીને 2015-16 માં 52.4% અને 2019-21માં 34.7% થઈ ગઈ છે.
- અન્ય સૌથી ગરીબ રાજ્યો બિહાર, ઝારખંડ, મેઘાલય, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, આસામ, ઓડિશા, છત્તીસગઢ અને રાજસ્થાન છે.
- સમગ્ર ભારતમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સંબંધિત દષ્ટિએ સૌથી ઝડપી ઘટાડો ગોવામાં હતો, ત્યારબાદ જમ્મુ અને કાશ્મીર, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનનો નંબર આવે છે.

## બાળકોમાં ગરીબી

બાળકોમાં ગરીબી એકદમ ઝડપથી ઘટી છે, જોકે ભારતમાં હજુ પણ વિશ્વમાં સૌથી વધુ ગરીબ બાળકો છે.

- ભારતમાં પાંચમાંથી એક કરતા વધુ બાળક ગરીબ છે, જ્યારે સાતમાંથી એક પુખ્ત ગરીબ છે.

## ક્ષેત્ર મુજબ ગરીબીમાં ઘટાડો

ગરીબીનું પ્રમાણ 2015-16માં 36.6% થી ઘટીને 2019-2021માં 21.2% અને શહેરી વિસ્તારોમાં 9.0% થી ઘટીને 5.5% થઈ ગયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બહુપરીમાણીય ગરીબી સૂચકાંક - MPI

તે વર્ષ 2010માં 'ઓક્સફોર્ડ પ્રોવર્ટી એન્ડ હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશિયેટિવ (OHPI) અને 'યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' (UNDP) દ્વારા વિકસાવવામાં આવ્યો હતો.

- MPI એ વિચાર પર આધારિત છે કે ગરીબી એક પરિમાણ નથી (તે માત્ર આવક પર આધારિત નથી અને તે વ્યક્તિને શિક્ષણ, આરોગ્ય વગેરે જેવી ઘણી મૂળભૂત જરૂરિયાતોનો અભાવ હોઈ શકે છે), પરંતુ તે બહુપરીમાણીય છે.
- આ સૂચકાંક વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી ઈન્ડેક્સ પર આધારિત છે, જે દર વર્ષે વ્યક્તિગત અને સામુહિક રીતે ગરીબ લોકોના જીવનની જટિલતાઓને માપે છે.
- MPI ત્રણ પરિમાણો અને દસ સૂચકોનો ઉપયોગ કરે છે. જે નીચે મુજબ છે :

(1) શિક્ષણ : સ્કૂલિંગ અને બાળ નોંધણીના વર્ષો (દરેકનો 1/6 ભાર, કુલ 2/6)

(2) આરોગ્ય : બાળ મૃત્યુ અને પોષણ (દરેકનો 1/6 ભાર, કુલ 2/6)

(3) જીવનધોરણ: વીજળી, ફ્લોર, પીવાનું પાણી, સ્વચ્છતા, રસોઈ બળતણ અને સંપત્તિ (દરેકનો 1/18 ભાર, કુલ 2/6)

- તે વર્ણવે છે કે લોકો ત્રણ મુખ્ય પરિમાણોમાં કેવી રીતે પાછળ રહે છે : આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણ જેમાં 10 સૂચકાંકનો સમાવેશ થાય છે.
- જે લોકો આ ભારિત સૂચકાંકોમાં ઓછામાં ઓછા એક તૃતિયાંશ (એટલે કે 33% કે તેથી વધુ)માં વચિંતતા અનુભવે છે તે બહુપરીમાણીય રીતે ગરીબની શ્રેણીમાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતમાં 75 નવા ડિજિટલ બેન્કિંગ એકમો

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 75 જિલ્લામાં 75 ડિજિટલ બેન્કિંગ યુનિટ (DBU) દેશોને સમર્પિત કર્યા છે.

- વર્ષ 2022-23 માટેના કેન્દ્રીય બજેટ ભાષણના ભાગરૂપે નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને દેશની આઝાદીના 75 વર્ષની ઉજવણી માટે 75 જિલ્લાઓમાં 75 DBU સ્થાપવાની જાહેરાત કરી હતી.

## ડિજિટલ બેન્કિંગ યુનિટ



ડિજિટલ બેન્કિંગ એકમો એ ચોક્કસ ફિક્સ પોઈન્ટ બિઝનેસ યુનિટ અથવા અનુસૂચિત કોમર્શિયલ બેંકો દ્વારા સ્થાપિત હબ છે.

- જે ડિજિટલ બેન્કિંગ ઉત્પાદનો અને સેવાઓને કોઈપણ સમયે સ્વ–સેવા મોડમાં ડિજિટલ રીતે સેવા આપવા માટે કેટલાક લઘુત્તમ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના કરે છે.
- તેની સ્થાપના એ ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી રહી છે કે ડિજિટલ બેન્કિંગના લાભો દેશના દરેક ખૂણે પહોંચે અને તે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેશે.

## લાભ

**DBU** એવા લોકોને સક્ષમ બનાવશે જેમની પાસે ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી **(ICT)** ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી અને બેન્કિંગ સેવાઓને ડિજિટલ રીતે એક્સેસ કરી શકશે.

- તેઓ એવા લોકોને પણ મદદ કરશે જેઓ ટેકનિકલી રીતે સક્ષમ નથી ડિજિટલ બેન્કિંગ અપનાવવામાં.

## DBU સેવાઓ

આ ડિજિટલ બેન્કિંગ એકમોમાં ગ્રાહકો તેમનું બચત ખાતુ ખોલી શકે છે, એકાઉન્ટ બેલેન્સ ચેક કરી શકે છે, પાસબુક પ્રિન્ટ કરી શકે છે, પાસબુક પ્રિન્ટ અને ફિક્સ ડિપોઝિટમાં રોકાણ કરી શકે છે.

- આ ઉપરાંત ક્રેડિટ–ડેબિટ કાર્ડ અને લોન માટે અરજી કરવા જેવા કામ કરવા ઉપરાંત ટેક્સ અને બિલની ચૂકવણીની સંપૂર્ણ સુવિધા હશે.
- **DBU** જન સમર્થ પોર્ટલ દ્વારા સરકારી ક્રેડીટ લિંક સ્કીમ્સ અને **MSME**/રિટેલ લોનની એન્ડ–ટુ–એન ડિજિટલ પ્રોસેસિંગની સુવિધા પણ આપશે.

## DBU અને પરંપરાગત બેંકો વચ્ચેનો તફાવત

- **DBU** રોકડ જમા અને ઉપાડ સહિત 24×7 બેન્કિંગ સેવાઓ પ્રદાન કરશે.
- **DBU** સેવાઓ ડિજિટલ રીતે પૂરી પાડવામાં આવશે.
- જેમની પાસે કનેક્ટિવિટી અથવા ઉપકરણો નથી તેઓ **DBU**થી પેપરલેસ મોડમાં વ્યવહારો કરી શકે છે.
- આસિસ્ટેડ મોડમાં બેન્કિંગ વ્યવહારો માટે યુઝર્સને મદદ કરવા અને માર્ગદર્શન આપવા માટે બેન્ક સ્ટાફ ઉપલબ્ધ રહેશે.

- DBU ડિજિટલ નાણાકીય સાક્ષરતા પ્રદાન કરવામાં અને ડિજિટલ બેન્કિંગ અપનાવવા માટે જાગૃતિ લાવવામાં મદદ કરશે.

## ડિજિટલ બેંકો અને DBU વચ્ચેનો તફાવત

- DBUને કાનૂની માન્યતા નથી અને બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 હેઠળ લાયસન્સ પ્રાપ્ત નથી.
- કાયદેસર રીતે તેઓ 'બેન્કિંગ આઉટલેટ્સ' એટલે કે શાખાઓની સમકક્ષ છે.
- ડિજિટલ બેંકો એ બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 હેઠળ યોગ્ય રીતે લાયસન્સ પ્રાપ્ત બેંક છે, જેની પાસે બેલેન્સ શીટ અને કાનૂની એન્ટિટી છે.

## હૈદરાબાદને વર્લ્ડ ગ્રીન સિટી એવોર્ડ 2022 મળ્યો

હૈદરાબાદને તાજેતરમાં પ્રતિષ્ઠિત વર્લ્ડ ગ્રીન સિટી એવોર્ડ 2022 મળ્યો છે.



- હૈદરાબાદે પેરિસ, બોગોટા, મેક્સિકો સિટી, મોન્ટ્રીયલ અને ફોર્ટાલેઝા જેવા શહેરોને હરાવીને વર્લ્ડ ગ્રીન સિટી એવોર્ડ 2022 જીત્યો છે.
- હૈદરાબાદને 2022માં ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ હોર્ટિકલ્ચર પ્રોડ્યુસર્સ (AIPH) એવોર્ડ મળ્યો હતો.
- દક્ષિણ કોરિયાના જેજુમાં IUCN લીડર્સ ફોરમ ખાતે ખાસ ગાલા ડિનર દરમિયાન છ કેટેગરી હેઠળના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.
- હૈદરાબાદે AIPH ઈવેન્ટ દરમિયાન 'આર્થિક પુનઃપ્રાપ્તી અને સર્વસમાવેશક વૃદ્ધિ માટે લિવિંગ ગ્રીન' એવોર્ડ જીત્યો છે.
- આર્થિક પુનઃપ્રાપ્તિ અને સર્વસમાવેશક વૃદ્ધિ માટે 'લીવિંગ ગ્રીન' શ્રેણી એવી સિસ્ટમો અને ઉકેલો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે તમામ શહેરના રહેવાસીઓને આર્થિક કટોકટીમાંથી બહાર આવવા અને વિકાસ કરવાની મંજૂરી આપે છે.
- આ કેટેગરીમાં હૈદરાબાદના નામાંકન માટે આઉટર રિંગ રોડની હરિયાળી રજૂ કરવામાં આવી હતી.

1. તાજેતરમાં કોના દ્વારા 'વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક, 2022' બહાર પાડવામાં આવ્યો હતો ?

(A) UNESCO - UNEP (B) UNDP - OPHI

(C) OPHI - UNESCO (D) UNEP - WED (B)

2. તાજેતરમાં UNDP અને OPHI દ્વારા 'વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક, 2022' (MPI - 2022) બહાર પાડવામાં આવ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ સૂચકાંકના વૈશ્વિક આંકડા અનુસાર 3.2 અબજ લોકો બહુપરીમાણીય ગરીબીમાં જીવે છે.
2. આ સૂચકાંક અનુસાર સબ સહારાન આફ્રિકા (579 મિલિયન)માં ગરીબ લોકોની સંખ્યા સૌથી વધુ છે. ત્યારબાદ દક્ષિણ એશિયા (385 મિલિયન) છે.
3. આ સૂચકાંક અનુસાર 2005-06 અને 2019-21 વચ્ચેના 15 વર્ષના સમયગાળા દરમિયાન ભારતમાંથી 41.5 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (B)

3. 'વૈશ્વિક બહુપરીમાણીય ગરીબી સૂચકાંક, 2022' મુજબ વૈશ્વિક સ્તરે ______ અબજ લોકો બહુપરીમાણીય રીતે ગરીબ છે.

(A) 1.2 (B) 5.6 (C) 7.8 (D) 8.9 (A)

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 75 જિલ્લામાં 75 ડિજિટલ બેન્કિંગ યુનિટ દેશને સમર્પિત કર્યા છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) ડિજિટલ બેન્કિંગ એકમો એ ચોક્કસ ફિક્સ પોઈન્ટ બિઝનેસ યુનિટ અથવા અનુસૂચિત કોમર્શિયલ બેંકો દ્વારા સ્થાપિત હબ છે.

(B) જે ડિજિટલ બેન્કિંગ ઉત્પાદનો અને સેવાઓને કોઈપણ સમયે સ્વ–સેવા મોડમાં ડિજિટલ રીતે સેવા આપવા માટે કેટલાક લઘુત્તમ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના કરે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

5. તાજેતરમાં ભારતના કયા શહેરને પ્રતિષ્ઠિત 'વર્લ્ડ ગ્રીન સિટી એવોર્ડ 2022' મળ્યો છે ?

(A) વડોદરા (B) હૈદરાબાદ (C) ગુરુગ્રામ (D) ઈન્દોર (B)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 19 ઓક્ટોબર, મનુષ્ય ગૌરવ દિન
## (પુજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે જન્મદિન)

# ORSના શોધક ડો. દિલીપ મહાલનોબીસનું નિધન

પ્રસિદ્ધ ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન (ORS)ની શોધ કરનાર ચિકિત્સક ડોક્ટર દિલીપ મહાલનોબીસનું તાજેતરમાં 87 વર્ષની વયે નિધન થયું છે.

## ડો. દિલીપ મહાલનોબીસ



ડો. દિલીપ મહાલનોબીસનો જન્મ 12 નવેમ્બર, 1934ના રોજ પશ્ચિમ બંગાળમાં થયો હતો.

- તેઓ 1960માં કોલાકાતામાં જોન્સ હોપકિન્સ યુનિવર્સિટી ઈન્ટરનેશનલ સેન્ટર ફોર મેડિકલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગમાં જોડાયા હતા, જ્યાં તેમણે ઓરલ રિહાઈડ્રેશન થેરાપીમાં સંશોધન કર્યુ હતું.
- ડો. મહાલનોબિસે 1971ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ દરમિયાન શરણાર્થી શિબિરોમાં કામ કરતી વખતે ORSનો ઉપયોગ કર્યો હતો.
- 1975 થી 1979 સુધી ડો. મહાલનોબીસે અફઘાનિસ્તાન, ઈજિપ્ત અને યમનમાં WHO માટે કોલેરા નિયંત્રણમાં કામ કર્યુ હતું.
- 1980ના દાયકાના મધ્યમાં અને 1990ના દાયકાની શરૂઆતમાં તેઓ WHOના અતિસાર રોગ નિયંત્રણ કાર્યક્રમમાં તબીબી અધિકારી હતા.
- 1994માં તેઓ રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સના વિદેશી સભ્ય તરીકે ચૂંટાયા હતા.
- 2022માં ડો. મહાલનોબીસને ઓરલ રિહાઈડ્રેશન થેરીપીની શોધ અને અમલીકરણમાં તેમના યોગદાન બદલ બાળરોગ સંશોધનમાં પ્રથમ પોલિન પુરસ્કાર (બાળરોગમાં નોબેલની સમકક્ષ) મળ્યુ છે.
- 2006માં તેમને ઓરલ રિહાઈડ્રેશન થેરાપીના વિકાસ અને એપ્લિકેશનમાં તેમની ભૂમિકા માટે પ્રિન્સ મહિડોલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## ORS

ORS (ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન્સ) – પાણી, ગ્લુકોઝ અને મીઠુંનું મિશ્રણ છે. જે ડિહાઈડ્રેશનની સમસ્યાનો સામનો કરવા માટે એક સરળ અને આર્થિક રીત છે.

INSTITUTE FOR COMPETITIVE

- નસમાં ઉપચારની ઉપલબ્ધતાની ગેરહાજરીમાં ઝાડાને કારણે થતા ડિહાઈડ્રેશનને રોકવા અને તેની સારવાર માટે તે વૈકલ્પિક ઉપચાર છે.
- WHOએ ORSને અતિસરના રોગોની સારવાર માટે પ્રમાણભૂત પદ્ધતિ તરીકે અપનાવી છે.
- ORS ખર્ચ–અસરકારક છે અને દર્દીને હોસ્પિટલમાં દાખલ ન થાય ત્યાં સુધી ડિહાઈડ્રેશન અટકાવવા માટે તે અપ્રશિક્ષિત લોકો દ્વારા સંચાલિત પણ છે.

**નોંધ :** કોલેરા જેવા અતિસારના રોગોથી પીડિત શિશુઓ અને નાના બાળકોમાં મૃત્યુનું મુખ્ય કારણ ડિહાઈડ્રેશન છે.

## Global Hunger Index 2022માં ભારત 107મા ક્રમે

તાજેતરમાં આયર્લેન્ડની Concern Worldwide અને જર્મનીની Welthungerhilfe દ્વારા વર્ષ 2022નો 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં કુલ 121 દેશોમાંથી ભારત 107 મા ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં ભારત વર્ષ 2021માં 101માં ક્રમે હતું, જ્યારે વર્ષ 2020માં 94માં ક્રમે હતું.

### Global Hunger Index 2022 Rank



વર્ષ 2022ના ઈન્ડેક્સમાં બેલારુસ, બોસ્નિયા અને હર્ઝેગોવિના, ચીલી, ચીન, ક્રોએશિયા, એસ્ટોનિયા, હંગેરી, કુવૈત સહીત કુલ 17 દેશોનો પ્રથમ ક્રમે સમાવેશ થાય છે.

- પ્રથમ ક્રમે 17 દેશો બાદ કોસ્ટા રિકા અને સંયુક્ત આરબ અમીરાત 18માં ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે કુલ 17 દેશોનો સમાવેશ થાય છે. આથી, આ 17 દેશોને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે.
- પરંતુ ત્યારબાદ કોઈ દેશને બીજો, ત્રીજો કે ચોથો ક્રમ આપવામાં આવ્યો નથી.
- તેની જગ્યાએ પ્રથમ ક્રમે કુલ 17 દેશો હોવાથી પ્રથમક્રમ બાદ સીધા 18મા ક્રમે કોસ્ટા રિકા અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- વર્ષ 2022ના આ ઈન્ડેક્સમાં યમન અંતિમ 121માં ક્રમે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Global Hunger Index 2022 Rank

| Rank | Country |
|---|---|
| 1 | બેલારુસ, બોસ્નિયા અને હર્ઝેગોવિના, ચિલી, ચીન, ક્રોએશિયા, એસ્ટોનિયા, હંગેરી, કુવૈત, લાતવિયા, લિથુઆનિયા, મોન્ટેનેગ્રો, ઉત્તર મેસેડોનિયા, રોમાનિયા, સર્બિયા, સ્લોવેકિયા, તુર્કી, ઉરુગ્વે. |
| 18 | કોસ્ટા રિકા, સંયુક્ત આરબ અમીરાત |
| 20 | બ્રાઝિલ |
| 64 | શ્રીલંકા |
| 71 | મ્યાનમાર |
| 81 | નેપાળ |
| 84 | બાંગ્લાદેશ |
| 99 | પાકિસ્તાન |
| 107 | ભારત |
| 121 | યમન |

- આ ઈન્ડેક્સમાં ભારતના પાડોશી દેશોમાં શ્રીલંકા (64), નેપાળ (81), બાંગ્લાદેશ (84) અને પાકિસ્તાન (99) થી ભારત નીચેના ક્રમે છે.
- ભારતનો સ્કોર <u>29.1</u> છે જે તેને 'ગંભીર' (Serious) શ્રેણીમાં મૂકે છે.
- અફઘાનિસ્તાન (109) દક્ષિણ એશિયામાં એકમાત્ર એવો દેશ છે જે ઈન્ડેક્સમાં ભારત કરતા ખરાબ પ્રદર્શન કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્ડેક્સના માપદંડ

મુખ્ય ચાર માપદંડોને આધારે આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે :

(1) ઓછું પોષણ (કુપોષણ)

(2) બાળ સ્ટેન્ડિંગ (તેને ઉંમર માટે ઓછી ઊંચાઈ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે)

(3) બાળ બગાડ (બગાડ એ એવા બાળકોનો ઉલ્લેખ કરે છે જેનું વજન તેમની ઊંચાઈ માટે ઓછું હોય)

(4) બાળ મૃત્યુદર

નોંધ :(1) ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (GHI)ની શરૂઆત વર્ષ 2006માં IFPRI (International Food Policy Research Institute) દ્વારા કરવામાં આવી હતી.

(2) તેનો હેતુ પ્રદર્શન અને દેશ દ્વારા વૈશ્વિક ભૂખના વ્યાપને ટ્રેક કરવાનો છે.

(3) આ ઉપરાંત તેનો ઉદ્દેશ્ય વિશ્વને '2030 સુધીમાં 'ઝીરો હંગર' હાંસલ કરવામાં મદદ કરવાનો છે. તે કેટલાક ઉચ્ચ આવક ધરાવતા દેશોને રેન્ક આપતું નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. 'મનુષ્ય ગૌરવ દિન'ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 19 ઓક્ટોબર (B) 20 ઓક્ટોબર (C) 21 ઓક્ટોબર (D) 22 ઓક્ટોબર (A)

2. ભારતમાં કોનો જન્મદિન 'મનુષ્ય ગૌરવ દિન' તરીકે ઉજવાય છે ?

(A) ઠક્કર બાપા (B) પુજ્ય શ્રી મોટા

(C) દાદાભાઈ નવરોજી (D) પ.પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (D)

3. તાજેતરમાં ડો. દિલીપ મહાલનોબિસનું નિધન થયું છે. તેનું નામ નીચેના પૈકી કઈ શોધ માટે જાણીતું છે ?

(A) ORSની શોધ (B) રોકાણ એન્જિનની શોધ

(C) બાયો ઈંધણની શોધ (D) મિશ્ર પેટ્રોલિયમની શોધ (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2022'મા ભારત કયા ક્રમે છે ?

(A) 103 (B) 104 (C) 107 (D) 111 (C)

5. 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2022'માં પ્રથમ ક્રમે કુલ કેટલા દેશોનો સમાવેશ થાય છે ?

(A) 17 (B) 14 (C) 12 (D) 10 (A)

**દિવસ મહિમા : 20 ઓક્ટોબર,** (1) રાષ્ટ્રીય ઐકેય અથવા તો સુદ્દઢતા દિવસ (National Solidarity Day)
(2) વિશ્વ આંકડા દિવસ (World Statistics Day)
(3) વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિવસ (World Osteoporosis Day)

## શ્રી શેહાન કરુણાતિલાકાએ 2022નું બુકર પ્રાઈઝ જીત્યુ




શ્રી શેહાન કરુણાતિલાકાને તાજેતરમાં તેમની નવલકથા 'The Seven Moons of Maali Almeida'ના માટે વર્ષ 2022નો બુકર પુરસ્કાર મળ્યો છે.

- શ્રી શેહાન કરુણાતિલકા શ્રીલંકાના એક લેખક છે.
- આ સાથે શ્રી શેહાન કરુણાતિલાકા આ પ્રતિષ્ઠિત સાહિત્ય પુરસ્કાર મેળવનાર બીજા શ્રીલંકન બન્યા છે.
- તેમની નવલકથા 'ધ સેવન મૂન્સ ઓફ માલી અલ્મેડા' એક મૃત યુદ્ધ ફોટોગ્રાફરની વાર્તા કહે છે. જે મૃત્યુ પછીના જીવનમાં એક મિશન પર છે.

નોંધ :(1) આ પુરસ્કાર મેળવનાર પ્રથમ શ્રીલંકાના વ્યક્તિ શ્રી માઈકલ ઓંડાત્જે છે, જેમણે 1992માં 'ધ ઈંગ્લિશ પેશન્ટ' માટે આ એવોર્ડ જીત્યો હતો.
(2) બુકર પુરસ્કાર સાહિત્યના ક્ષેત્રમાં વિશ્વનો અગ્રણી સાહિત્ય પુરસ્કાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

## BCCIના 36મા પ્રમુખ તરીકે શ્રી રોજર બિન્ની ચૂંટાઈ આવ્યા




BCCIની વાર્ષિક સામાન્ય સભામાં બોર્ડના નવા પ્રમુખ તરીકેની ચૂંટણી યોજાઈ હતી.

- જેમાં શ્રી રોજર બિન્નીને સર્વાનુમતે નવા પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા છે.
- શ્રી રોજર બિન્ની BCCIના 36મા પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે.
- તેઓ શ્રી સૌરવ ગાંગુલીનું સ્થાન લેશે.

## શ્રી રોજર બિન્ની

શ્રી રોજર બિન્નીનો જન્મ 19 જુલાઈ, 1955ના રોજ બેંગ્લોર ખાતે થયો હતો.

- તેઓ 1983ના ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમના ભાગ હતા.
- તેઓ ઓલરાઉન્ડર ક્રિકેટર હતા, 1983ના વર્લ્ડકપમાં તેમની પ્રભાવશાળી બોલિંગ માટે જાણીતા હતા.
- તેમના પુત્ર સ્ટુઅર્ટ બિન્ની પણ ક્રિકેટર છે.
- તેમણે કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે પણ સેવા આપી છે.

## BCCI

BCCIનું પૂરું નામ 'Bord of Control for Cricket in India' છે.

- BCCI એ સમગ્ર વિશ્વમાં સૌથી ધાનઢ્ય ક્રિકેટ બોર્ડ છે.
- BCCIની સ્થાપના 1928માં થઈ હતી.
- તેનું વડુ મથક મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં આવેલું છે.
- શ્રી આર. ઈ (Raymond Eustace) ગ્રાન્ટ ગોવન BCCIના પ્રથમ પ્રમુખ હતા.

નોંધ :(1) BCCIના વર્તમાન ઉપપ્રમુખ શ્રી રાજીવ શુકલા છે.

(2) BCCIના વર્તમાન સેક્રેટરી શ્રી જય શાહ છે.



1. 'રાષ્ટ્રીય ઐકય દિવસ' અથવા 'National Solidarity Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ઓક્ટોબર (B) 19 ઓક્ટોબર (C) 20 ઓક્ટોબર (D) 21 ઓક્ટોબર — Ans: (C)

2. 'વિશ્વ આંકડા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ઓક્ટોબર (B) 19 ઓક્ટોબર (C) 20 ઓક્ટોબર (D) 21 ઓક્ટોબર — Ans: (C)

3. 'વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ઓક્ટોબર (B) 19 ઓક્ટોબર (C) 20 ઓક્ટોબર (D) 21 ઓક્ટોબર — Ans: (C)

4. તાજેતરમાં શ્રી શેહાન કરુણાતિલાકાને તેમની નવલકથા 'The Seven Moons of Maali Almeida'ના માટે વર્ષ 2022નો બુકર પુરસ્કાર જીત્યો છે. તેઓ કયા દેશના લેખક છે ?

(A) શ્રીલંકા (B) બાંગ્લાદેશ (C) મ્યાનમાર (D) રશિયા — Ans: (A)

5. તાજેતરમાં BCCIના નવા પ્રમુખ તરીકે કોણ ચૂંટાઈ આવ્યું છે ?

(A) શ્રી રવિ શાસ્ત્રી (B) શ્રી રાહુલ દ્રવિડ (C) શ્રી જય શાહ (D) શ્રી રોજર બિન્ની — Ans: (D)

6. BCCIના નવા પ્રમુખ તરીકે શ્રી રોજર બિન્નીએ કોનું સ્થાન લીધુ છે ?

(A) શ્રી રાહુલ દ્રવિડ (B) શ્રી સૌરવ ગાંગુલી (C) શ્રી રવિ શાસ્ત્રી (D) શ્રી શંશાક મનોહર — Ans: (B)

7. BCCIનું પૂરું નામ શું છે ?

(A) Board of Control for Cricket in India

(B) Board of Control of Cricket in India

(C) Board for Control of Cricket in India

(D) Board for Control for Cricket in India — Ans: (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 21 ઓક્ટોબર, પોલીસ સ્મૃતિ દિવસ અથવા પોલીસ સ્મારક દિવસ (Police Commemoration Day)




ભારતમાં દર વર્ષે 21 ઓક્ટોબરના રોજ 'પોલીસ સ્મૃતિદિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 21 ઓક્ટોબર, 1959ના રોજ ચીનના સૈનિકોએ લદ્દાખ ખાતે ભારતના 10 પોલીસ જવાનોની હત્યા કરી હતી.
- આથી, ભારતમાં શહીદ પોલીસ જવાનોની સ્મૃતિમાં દર વર્ષે 21 ઓક્ટોબરના રોજ 'પોલીસ સ્મૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 21 ઓક્ટોબર, 2018ને 'પોલીસ સ્મારક દિવસ'ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'રાષ્ટ્રીય પોલીસ સ્મારક' (National Police Memorial)નું ઉદ્ઘાટન કર્યુ હતું.
- આ 'રાષ્ટ્રીય પોલીસ સ્મારક' નવી દિલ્હીના ચાણક્યપુરી ખાતે આવેલું છે.
- ભારતમાં આઝાદી બાદ પોલીસ જવાનો દ્વારા આપવામાં આવેલા સર્વોચ્ચ બલિદાનના સન્માનમાં આ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

## ISRO'S Next - Gen Launch Vehicle



ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (PSLV) જેવી ઓપરેશનલ સિસ્ટમને બદલવા માટે 'નેક્સ્ટ – જેન લોન્ચ વ્હીકલ (NGLV)' વિકસાવી રહ્યુ છે.

- અવકાશયાનને અવકાશમાં લઈ જવા માટે પ્રક્ષેપણ વાહનનો ઉપયોગ થાય છે.
- ભારત પાસે બે ઓપરેશનલ લોન્ચર્સ છે - PSLV અને જીઓસિંક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (GSLV).

### Next Gen Launch Vehicle

ઈસરો NGLV માટે જીઓસ્ટેશનરી ટ્રાન્સફર ઓર્બિટ (GTO)માં દસ ટનની પેલોડ ક્ષમતા સાથે ખર્ચ – અસરકારક, ત્રણ તબક્કાનું, ફરીથી વાપરી શકાય તેવું હેવી – લિફ્ટ વાહન બનાવવાનું વિચારી રહ્યું છે.

- તેની મજબૂત ડિઝાઈન બલ્ક મેન્યુફેક્ચરિંગ, સિસ્ટમમાં મોડ્યુલારિટિ, સબ સિસ્ટમ અને તબક્કાઓમાં ટર્નઅરાઉન્ડ સમયની મંજૂરી આપે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે બૂસ્ટર તબક્કાઓ માટે અર્ધ–ક્રાયોજેનિક પ્રોપલ્શન (પ્રવાહી ઓક્સિજન (ઓક્સિડાઈઝર તરીકે) સાથે બળતણ તરીકે શુદ્ધ કેરોસિન)ની સુવિધા હશે.
- તેનો સંભવિત ઉપયોગ સંચાર ઉપગ્રહો, ડીપ સ્પેસ મિશન, ભાવી માનવ અવકાશ ઉડાન અને કાર્ગો મિશન લોન્ચ કરવા માટે હશે.

## IBSAMAR VII



તાજેતરમાં 10 અને 12 ઓક્ટોબર 2022 દરમિયાન ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાની નૌકાદળ વચ્ચે સંયુક્ત બહુરાષ્ટ્રીય મેરીટાઈમ એક્સરસાઈઝ (IBSAMAR)ની સાતમી આવૃત્તિ યોજાઈ હતી.

- આ અભ્યાસમાં ભાગ લેવા માટે ભારતનું INS તારકશ દક્ષિણ આફ્રિકાના પોર્ટ ગેકબેરહા (પોર્ટ એલિઝાબેથ) પહોંચ્યું હતું.

### IBSAMAR

IBSAMAR એ ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાની નૌકાદળ વચ્ચેની સંયુક્ત બહુરાષ્ટ્રીય કવાયત છે.

- આ અભ્યાસમાં ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ તેગ ક્લાસ ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ, INS તારકશ, ચેતક હેલિકોપ્ટર અને મરીન કમાન્ડો ફોર્સ (MARCOS)ના કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.
- IBSAMAR VIIના પોર્ટ તબક્કામાં નુકસાન નિયંત્રણ અને અગ્નિશામક અભ્યાસો, VBSS/ક્રોસ બોર્ડિંગ પ્રવચનો અને વિશેષ દળો વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયા જેવા વ્યવસાયિક વિનિમયોનો સમાવેશ થાય છે.
- સંયુક્ત દરિયાઈ કવાયત દરિયાઈ સુરક્ષા, સંયુક્ત ઓપરેશનલ તાલીમ, શ્રેષ્ઠ પ્રેક્ટિસની વહેંચણી અને સામાન્ય દરિયાઈ જોખમોને સંબોધવા માટે આંતર – સંચાલન ક્ષમતાને મજબૂત બનાવશે.
- IBSAMAR એ IBSA ત્રિપક્ષીય સંરક્ષણ સહયોગનો એક ભાગ છે.

નોંધ : (1) IBSAMARની અગાઉની આવૃત્તિ દક્ષિણ આફ્રિકાના સિમોન્સ ટાઉનમાં વર્ષ 2018માં યોજાઈ હતી.

(2) IBSA એ દક્ષિણ – દક્ષિણ સહકાર અને વિનિમયને પ્રોત્સાહન આપવા માટે ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રિપક્ષીય વિકાસલક્ષી પહેલ છે.

1. ભારતમાં 'પોલીસ સ્મૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 ઓક્ટોબર (B) 21 ઓક્ટોબર (C) 22 ઓક્ટોબર (D) 23 ઓક્ટોબર (B)

2. 21 ઓક્ટોબર 2018ને 'રાષ્ટ્રીય પોલીસ સ્મારક દિવસ' નિમિત્તે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'રાષ્ટ્રીય પોલીસ સ્મારક'નું ઉદ્‌ઘાટન ક્યાંથી કરાવ્યું હતું ?

(A) નવી દિલ્હી (B) લખનૌ (C) જયપુર (D) જમ્મુ (A)

3. ISRO PSLV જેવી ઓપરેશનલ સિસ્ટમને, બદલવા માટે ______ બનાવવાનું વિચારી રહી છે.

(A) Next Gen Launch Vehicle (B) Next Pelod Vehicle - IV

(C) Next Gen Six Stage Vehicle (D) એકપણ નહીં (A)

4. તાજેતરમાં કયા દેશો વચ્ચે 'IBSAMAR VII' નામનો નૌકાદળ અભ્યાસ યોજાયો હતો ?

(A) ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા, જાપાન, મ્યાનમાર

(B) ભારત, જાપાન, કેનેડા

(C) ભારત, જાપાન, કેનેડા, બ્રાઝિલ

(D) ભારત, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


DIWALI
FESTIVAL
GOVT JOB
CARNIVAL
50%
Discount
WITH
MATERIAL
Achieve
GPSC
Prelim + Mains + Interview
Live+Recorded Batch
1 Year Validity
Download ICEONLINE Application
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
93773-01110 (10:00am to 6:00pm)


NEW COURSE
Recorded Batch
FOREST
GUARD
(વનરક્ષક)
50%
Discount
Without Material
1 Year Validity

# ONE LINER

## ગુજરાત

➤ **'Modi@20 Dreams Meet Delivery' પુસ્તકની ગુજરાતી આવૃત્તિ**

તાજેતરમાં ગાંધીનગરમાં એક સમારંભમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે 'મોદી@20 : ડ્રીમ્સ મીટ ડિલિવરી' નામના પુસ્તકની ગુજરાતી આવૃત્તિનું વિમોચન કર્યુ હતું. આ પુસ્તકમાં પ્રકરણોનું યોગદાન આપનાર પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ પુસ્તકમાં તેમના પ્રકરણના અનુભવ અને વિષયોનું વર્ણન કર્યુ છે. આ પુસ્તક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના છેલ્લા 20 વર્ષોના રાજકીય જીવનને કેપ્ચર કરે છે, જેમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળથી લઈ વડાપ્રધાન સુધીનો સમાવેશ થાય છે.

➤ **વડાપ્રધાનશ્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં PMJAY-MA કાર્ડના 50 લાખ વિદ્યાર્થીઓને આયુષ્માન કાર્ડ આપવાનો ગાંધીનગરથી શુભારંભ**

ગુજરાતમાં 50 લાખ પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનામા કાર્ડ નાગરિકોને અર્પણ કરવાના મહાઅભિયાનનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલી શુભારંભ કરાવ્યો હતો. ગાંધીનગરમાં સિવિલ હોસ્પીટલ સંકુલમાં મેડિકલ હોલ ખાતે યોજાયેલાં રાજ્યકક્ષાના સમારોહમાં વર્ચ્યુઅલી જોડાયેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના કેટલાક લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **કિસાન સન્માન સંમેલન 2022**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 17 ઓક્ટોબરે નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન સંસ્થામાં PM કિસાન સન્માન 2022નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. તેમણે રસાયણ અને ખાતર મંત્રાલય હેઠળ 600 પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો પણ શરૂ કર્યા છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી ભારતીય જન ખાતર પ્રોજેક્ટ–વન નેશન વન ફર્ટિલાઈઝરનો પણ પ્રારંભ કર્યો હતો.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

➤ **ભારતની પ્રથમ એલ્યુમિનિયમ ફ્રેઈટ રેક (એલ્યુમિનિયમ ટ્રેન)**

તાજેતરમાં કેન્દ્રીય રેલવે મંત્રીએ ભુવનેશ્વર (ઓડિશા) રેલવે સ્ટેશન પર ભારતની પ્રથમ એલ્યુમિનિયમ ફ્રેઈટ રેક-61 BOBRNALHSM1 નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. તે મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ તરફનો એક સમર્પિત પ્રયાસ છે કારણ કે તે RDSO, HINDALCO અને BESCO વેગન્સના સહયોગથી સંપૂર્ણપણે સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યો છે. તે ખાલી હોય ત્યારે ઓછા બળતણનો ઉપયોગ  કરીને અને લોડ થાય ત્યારે વધુ કાર્ગો પરિવહન કરીને કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડશે. આ એલ્યુમિનિયમ રેક તેની સમગ્ર સેવા જીવન દરમિયાન લગભગ 14,5000 ટન કાર્બન ઉત્સર્જન ઘટાડશે. આ એલ્યુમિનિયમ ટ્રેન ભારતને તેના આબોહવા લક્ષ્યોને હાંસલ કરવામાં મદદ કરશે.

➤ **નીલાકુરિંજીના ફૂલોની નવી વિવિધતા**

તાજેતરમાં પશ્ચિમ ઘાટના સંથાનપારા પ્રદેશની કાલીપરા ટેકરીઓમાં નીલાકુરિંજી ફુલની 6 નવી જાતો ઓળખવામાં આવી છે. કેરળના ઈડુક્કીમાં કાલીપરા પહાડીઓ પરના વિશાળ વિસ્તારમાં નીલાકુરિંજીના ફૂલો ખીલે છે. નીલાકુરિંજીમાં 'નીલ' એટલે વાદળી અને 'કુરિંજી' એટલે ફૂલો. ફૂલોનો આછો વાદળી રંગ પરિપક્વતા પર જાંબલી–વાદળીમાં બદલાય છે. આ ફૂલોના આધારે નીલગીરી પર્વત માળાનું નામ પડ્યુ છે. તેનું નામ કેરળના સાયલન્ટ વેલી નેશનલ પાર્કમાંથી વહેતી પ્રખ્યાત કુંતી નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે. જ્યાં આ ફુલ પુષ્કળ પ્રમાણમાં થાય છે. તેનું વૈજ્ઞાનિક નામ કુન્થિયાના સ્ટ્રોબિલેન્ટિસ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2022 બહાર પાડવામાં આવ્યો**

બેંગ્લુરુ સ્થિત પબ્લિક અફેર્સ સેન્ટર (PAC)એ તાજેતરમાં પબ્લિક અફેર્સ ઈન્ડેક્સની સાતમી આવૃત્તિ બહાર પાડી છે. આ ઈન્ડેક્સ રાજ્યોમાં આર્થિક, રાજકીય અને સામાજિક ન્યાયના વિતરણનું મૂલ્યાંકન કરે છે. હરિયાણાને મોટા રાજ્યોની શ્રેણી હેઠળ શ્રેષ્ઠ શાસિત રાજ્ય તરીકે માન્યતા આપી છે. તે પછી તમિલનાડુ, કેરળ, છત્તીસગઢ, પંજાબ, કર્ણાટક અને અન્યનો સમાવેશ થાય છે. જ્યારે સિક્કિમે 10 નાના રાજ્યોની શ્રેણીમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યુ છે. આ ઉપરાંત આર્થિક ન્યાય, રાજકીય ન્યાય અને સામાજિક ન્યાયની કેટેગરી પણ હતી. જેમાં આર્થિક ન્યાય કેટેગરીમાં છત્તીસગઢ, હરિયાણા અને કર્ણાટક આર્થિક ન્યાય આપવામાં ટોચ પર છે. જ્યારે રાજકીય ન્યાયની કેટેગરીમાં તમિલનાડુ, કેરળ અને મધ્ય પ્રદેશ મુખ્ય રાજ્યોની યાદીમાં ટોચ પર છે. તથા તેમાં નાના રાજ્યોમાં ટોચનું સ્થાન ઉત્તરાખંડ ધરાવે છે. સામાજિક ન્યાય કેટેગરીમાં પંજાબે સૌથી વધુ માર્કસ મેળવ્યા છે.

➤ **SLBM મિસાઈલ INS અરિહંતથી લોન્ચ કરવામાં આવી**

14 ઓક્ટોબર 2022ના રોજ INS અરિહંતમાંથી બંગાળની ખાડીમાં પરમાણુ સક્ષમ સબમરીન લોન્ચ્ડ બેલિસ્ટિક મિસાઈલ (SLBM) સફળતાપૂર્વક લોન્ચ કરી છે. SLBM DRDO દ્વારા વિકસાવવામાં આવી છે. INS અરિહંતના SLBMના તાજેતરના ટેસ્ટ ફાયરે મિસાઈલના તમામ ઓપરેશન અને ટેકનિકલ પરિમાણોને માન્ય કર્યા છે. INS અરિહંત એ ભારત દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલી પરમાણુ સંચાલિત બેલિસ્ટિક મિસાઈલ–સક્ષમ સબમરીન છે. 2016માં કાર્યરત તે એડવાન્સ ટેક્નોલોજી વેસલ (ATV) પ્રોજેક્ટ હેઠળ વિકસાવવામાં આવી છે.

➤ **નિહોન્શુ**

નવી દિલ્હીમાં જાપાનના દૂતાવાસે નિહોન્શુ/જાપાનીઝ શેક માટે ભૌગોલિક સંકેત (GI) ટેગ માટે અરજી કરી છે. આવું પ્રથમ વખત છે કે જ્યારે જાપાને કોઈ ઉત્પાદનનાં GI ટેગ માટે અરજી કરી હોય. જાપાનમાં નિહોન્શુંને ચોખાના આથોમાંથી બનાવવામાં આવતા વિશેષ અને મૂલ્યવાન પીણા તરીકે ગણવામાં આવે છે. શેક માર્કેટ એ જાપાનનું બીજું સૌથી મોટુ લિકર માર્કેટ છે.

## વિશ્વ

➤ **કુઆફુ-1 : ચીનનું પ્રથમ અવકાશ આધારિત ટેલિસ્કોપ**

એડવાન્સ સપેસ આધારિત સોલાર ઓબ્ઝર્વેટરી (ASO-S) ચીનનું પ્રથમ અવકાશ આધારિત સૌર ટેલિસ્કોપ તાજેતરમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. ASO-Sને ચીની ભાષમાં કુઆફુ - 1 નામ આપવામાં આવ્યું છે. તેને ચીનના ઉત્તર–પશ્ચિમ ભાગમાં આવેલા Jiuquan સેટેલાઈટ લોન્ચ સેન્ટરથી લોંગ માર્ચ - 2D કેરિયર રોકેટ પરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. આ મિશન 4 વર્ષ સુધી ચાલવાની અપેક્ષા છે. ASO-S એ સૂર્ય પર સંશોધન કરવા માટે સમર્પિત ચીનનો પ્રથમ પૂર્ણ–સ્કેલ ઉપગ્રહ છે. તે પૃથ્વીની સપાટીથી 720 કિ.મી. ઉપરની ભ્રમણકક્ષામાંથી સૂર્યનો અભ્યાસ કરશે.

➤ **ગ્લોબલ પેન્શન ઈન્ડેક્સ 2022**

2022 મર્સર CFA ઈન્સ્ટિટ્યૂટ ગ્લોબલ પેન્શન ઈન્ડેક્સ સર્વે (MCGPI) તાજેતરમાં બહાર પાડવામાં આવ્યું હતું. આઈસલેન્ડ 84.7ના સૌથી વધુ સંયુક્ત ઈન્ડેક્સ મુલ્ય સાથે યાદીમાં ટોચ પર છે. જ્યારે નેધરલેન્ડ બીજા અને ડેનમાર્ક ત્રીજા ક્રમે છે. તથા 41.7ના એકંદર મૂલ્ય સાથે થાઈલેન્ડ ઈન્ડેક્સ પર સૌથી ખરાબ પ્રદર્શન કરનાર છે. આ ઈન્ડેક્સમાં ભારત 44 દેશોમાંથી 41મા ક્રમે હતું. MCGPI વિશ્વના વિવિધ દેશોમાં પેન્શન સિસ્ટમનું મૂલ્યાંકન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- તાજેતરમાં ગાંધીનગરમાં આયોજિત એક સમારંભમાં કોણે 'મોદી@20 ડ્રીમ્સ મીટડિલિવરી' પુસ્તકની ગુજરાતી આવૃત્તિનું વિમોચન કર્યુ હતું ? – શ્રી રાજનાથ સિંહ
- તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં PMJAY-MA કાર્ડના 50 લાખ વિદ્યાર્થીઓને આયુષ્માન કાર્ડ આપવાનો ______ થી શુભારંભ કરાવ્યો છે. – ગાંધીનગર
- તાજેતરમાં કયા સ્થળે ભારતની પ્રથમ એલ્યુમિનિયમ ફ્રેઈટ રેક (એલ્યુમિનિયમ ટ્રેન)નું ઉદ્ઘાટન થયું છે ? – ભૂવનેશ્વર
- તાજેતરમાં પશ્ચિમ ઘાટના સંથાનપારા પ્રદેશની કાલીપરા ટેકરીઓમાં નીલાકુરિંજી ફુલની કેટલી નવી જાતો ઓળખવામાં આવી છે ? – 6
- કિસાન સન્માન સંમેલન 2022 ક્યાં યોજાયું હતું ? – નવી દિલ્હી
- પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ 2022માં કયા રાજ્યને મોટા રાજ્યની શ્રેણી હેઠળ શ્રેષ્ઠ શાસિત રાજ્ય તરીકે માન્યતા આપી છે ? – હરિયાણા
- તાજેતરમાં SLBM મિસાઈલ ______ માંથી લોન્ચ કરવામાં આવી હતી ? – INS અરિહંત
- કુઆફુ - 1 કયા દેશનું પ્રથમ અવકાશ આધારિત ટેલિસ્કોપ છે ? – ચીન
- તાજેતરમાં નવી દિલ્હીમાં જાપાનના દૂતાવાસે ______ ને GI ટેગ માટે અરજી કરી છે ? – નિહોન્શુ
- ગ્લોબલ પેન્શન ઈન્ડેક્સ 2022માં ભારત 44 દેશોમાંથી કેટલામાં ક્રમે હતું ? – 41

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## આપના અમૂલ્ય પ્રતિભાવ અમને જણાવો

## પ્રતિભાવ આપવા માટે નીચે આપેલ લિંક પર ક્લિક

CLICK HERE

# Question Of this Week

1. 'The most incredible world cup stories - Anecdotes from football world cup, from uruguay in 1930 to the present Day' નામના પુસ્તકના લેખક કોણ છે ?
– લ્યુસિયાનો વર્નિકે (આર્જેન્ટિના)
2. ભારત એગ્રીકલ્ચર સેટેલાઈટ પ્રોગ્રામ હેઠળ ભારતના સમગ્ર કૃષિ ક્ષેત્રને આવરી લેવા માટે ઓછામાં ઓછા કેટલા ઉપગ્રહોની જરૂર પડશે ? – 2
3. તાજેતરમાં કયા શહેરમાં ઈન્ટરપોલની જનરલ એસેમ્બલી યોજાઈ હતી ? – દિલ્હી
4. કયા દિવસના રોજ 'વિશ્વ આઘાત દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ? – 17 ઓક્ટોબર
5. _______ માં આઈજી સ્ટેડિયમ 20 થી 23 ઓક્ટોબર 2022 દરમિયાન યોજનારી પ્રથમ 'ખેલો ઈન્ડિયા વિમેન્સ જુડો નેશનલ' લીગનું આયોજન કરશે. – દિલ્હીમાં
6. આંતરરાષ્ટ્રીય ઈ–વેસ્ટ દિવસની (2022) થીમ શું હતી ? – Recycle it all, no matter how small
7. તાજેતરમાં કયા રાજ્યમાં 18 ઓક્ટોબરના રોજ કટી બિહુની ઉજવણી કરવામાં આવી હતી ? – આસામ
8. SARS - COV - 2 વાયરસ સામે ભારતના પ્રથમ એન્ટિડોટનું નામ શું છે ? – VINCOV - 19
(આ એન્ટિડોટ હવે બજાર અધિકૃતા અને એક સાથે તબક્કા - 3 ક્લિનિકલ ટ્રાયલ માટે તૈયાર છે. યુનિવર્સિટી ઓફ હૈદરાબાદ, સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજી અને ઈમ્યુનોલોજિકલ કંપની VINS બાયોપ્રોડક્ટ્સ લિમિટેડ સંયુક્ત પ્રયાસ સાથે દવાએ તબક્કા - 2 ની ટ્રાયલ પૂર્ણ કરી છે.)
9. ઓક્ટોબર, 2022માં આયોજિત છઠ્ઠી પૂર્વ એશિયા સમિટ શિક્ષણ મંત્રીનું યજમાન કયું શહેર હતું ?
– હનોઈ, વિયેતનામ
10. વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદના અધ્યક્ષ કોણ છે ? – ભારતના વડાપ્રધાન
(તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 ઓક્ટોબર, 2022ના રોજ નવી દિલ્હીમાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (CSIR) સોસાયટીની બેઠકની અધ્યક્ષતા કરી હતી. CSIRની સ્થાપના સપ્ટેમ્બર, 1942માં એક સવાયત્ત સંસ્થા તરીકે કરવામાં આવી હતી. જે ભારતમાં સૌથી મોટી સંશોધન અને વિકાસ સંસ્થા તરીકે ઉભરી આવી છે.
11. એશિયન કોસ્ટગાર્ડ એજન્સીઓ (HACGAM)ના વડાઓની બેઠકનું સ્થળ કયું શહેર હતું ? – નવી દિલ્હી
12. તાજેતરમાં રશિયાએ યુક્રેનની રાજધાની પર ઈરાની નિર્મિત _______ ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો ?
– કામિકેઝ ડ્રોન
13. ફ્રીડમ હાઉસ ઈન્ટરનેટ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ કેટલો છે ? – 51
14. Whoના એક એહવાલ અનુસાર વ્યાયામ અને તંદુરસ્ત શારીરિક પ્રવૃત્તિનો અભાવ વિશ્વભરની સરકારોને દર વર્ષે _______ થી વધુનું નુકસાન કરી શકે છે. – 27 અબજ ડોલર

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Happy Diwali

50% OFF

50% OFF

**ICE** દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




50% OFF

TET TAT
New Course

LIMITED DISCOUNT

Rs. 1499 /-
3000 /-

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
like | comment | share
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT